# “ધબકારાનું પુનર્જન્મ”

હોસ્પિટલ ની એ સવાર... હોસ્પિટલનો વેઇટિંગ રૂમ દર્દી અને દર્દી ના સગા થી ખીંચોખિચ ભરેલો હતો. મારા OPDના દરવાજા પાસે અચાનક હલચલ મચી— “ડૉક્ટર સાહેબ, પેશન્ટ અડધી બેભાન સ્થિતિમાં છે…!”

પચાસને પાંચ વર્ષનો એ પુરુષ, જીવનની લડાઇમાં જાણે છેલ્લું દમ બચાવીને મારી સામે પડ્યો હતો.

ICU અને ઈમરજન્સીના બેડો ભરાઈ ગયા હતા. ફરજ અને વાસ્તવિકતાની વચ્ચે ફસાયેલો હું, તેને હાથે-હાથ સામાન્ય વૉર્ડમાં એડજસ્ટ કરી, આંખ સામે જ રાખી દેખરેખ રાખવાનો નિર્ણય કર્યો. એ નિર્ણયો પણ અવારનવાર ભગવાન કરે છે—ડૉક્ટરો માત્ર માધ્યમ!

સાવ પાંચ મિનિટ બાદ, કોઈ અજાણી ચિંતા મને ફરી સામાન્ય વોર્ડ તરફ ખેંચી લાવી. બેડ સુધી પહોંચ્યો—તો દ્રશ્ય એવુ કે પગ નીચેની ધરતી જાણે સરકી ગઈ.

મંદ શ્વાસ ખેંચતો, ચેહરા પર મૃત્યુનો પડછાયો ફરતો હતો, અને મારી આંખ સામે…તેના ધબકારા ધીમે ધીમે ખોવાઈ રહ્યા હતા . એક પળમાં તે pulse-less—નિર્નાદ બની ગયો.

મારી અંદરના ડૉક્ટરે વિચારવાનું પણ ટાળ્યું—માત્ર કરવાનું હતું.

“ઇન્ટ્યુબેશન ની તૈયાર કરો!” સ્ટાફ સામે ત્રાડ પાડી

અને મેં CPR શરૂ કરી—એક પળ પણ બગાડ્યા વગર.

સેકન્ડો કિંમતી હતા… મિનિટો ભારરૂપ… અને શ્વાસ-ધબકારાનું યુદ્ધ ૨૦ મિનિટ સુધી ચાલ્યું.

ઇન્ટ્યુબેશન થયું, દવાઓ આપવામાં આવી… પણ ધબકારા—ન હતા.

હું તેના સગાઓ પાસે ગયો. શબ્દો સાથે સંવેદનાઓ કાંપી રહી હતી,

“તેમની સ્થિતિ ખૂબ જ ગંભીર છે… લગભગ યમરાજ સામે નું યુદ્ધ આપણે હારી જઈસુ. છતાં ૫ મિનિટ હું વધુ પ્રયત્ન કરીશ.”

એ લોકોની આંખોમાં વિશ્વાસ ન હતો—પણ આશા હતી. આશા ક્યારેક જવાબદારી બનીને માણસને ફરીથી યુદ્ધમાં ધકેલી દે છે.

ફરી પાછો દોડ્યો—બીજું રાઉન્ડ શરૂ કર્યું.

એક-એક કમ્પ્રેશનમાં મારું મન પ્રાર્થના કરતા કરતાં ધબકતું હતું.

અને પછી… એક ચમત્કાર થયો.

મોનિટર પર ઝબુકતી લીલી રેખાએ જાણે કહ્યુ—

"હું પાછો આવ્યો છું!"

Pulse—restored.

તે જ પળે વોર્ડની હવા પણ જાણે હળવી થઈ ગઈ.

પરંતુ આનંદ હજી વહેલો લાગતો હતો. કુદરત ક્યારે ક્યાં વળાંક લે તે ખબર નહીં. તેના સગાઓને સાચી વાત કહી—

"હજુ કશું જ નક્કી નથી. પણ અમે હાર માનશું નહીં."

આશાની જ્યોતને ફરી ઝબૂકવા દીધી.

બીજા દિવસે તે હળવેથી હાથપગ હલાવતો દેખાયો… થોડુંક આંખ ઉઘાડવાનો પ્રયત્ન કરતો.

અમારું આનંદ શબ્દોમાં સમાવી શકાય એવો ન હતો. જાણે વાદળના ગર્ભમાંથી સૂર્યકિરણ ઝાંખી મારી ગયું હોય.

થોડા દિવસોમાં તે સામાન્ય શ્વાસ લેવા લાગ્યો… અને આખરે, ટ્યુબ દૂર કરવાનો ક્ષણ—

જે ક્ષણે આપણા મનમાં માત્ર એક જ ભાવ—

હારી ગયેલું જીવન ફરીથી શ્વાસ લેવા લાગ્યું.

તે બેઠો, હસ્યો, બોલ્યો… અને અમને આશ્ચર્યમાં મૂકીને પોતાના નવા જન્મની શરૂઆત કરી ગયો.

**"ચમત્કારો ત્યારે થાય છે, જ્યારે હાર માનવાની વેળાએ પણ આપણે લડવાનું પસંદ કરીએ."**